રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૦૮–૦૨–૨૦૧૨

ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧(૧)–૨૨૦૧૨–ક

*ગુજરાત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા તથા ફાળવણી કરવા બાબત) અંગેનો આદેશ – ૨૦૧૨*

## આદેશ

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) નિયમો, ૧૯૯૪ ના નિયમ–૧૫ તથા ગુજરાત નગરપાલિકા (ચૂંટણી કરવા બાબત) નિયમો, ૧૯૯૪ ના નિયમ–૧૫ અંતર્ગત મહાનગરપાલિકા / નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારોએ પસંદ કરવાના પ્રતિકો તથા પસંદગી અંગેના નિયંત્રણો રાજય ચૂંટણી આયોગે નિર્દિષ્ટ કરવાના રહે છે. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ ના નિયમ–૧૧ માં પંચાયત ચૂંટણીમાં હરીફ ઉમેદવારોને ફાળવવાના ચૂંટણી પ્રતિકો આયોગે નિર્દિષ્ટ કરવાના રહે છે. માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર ગણવા માટે નિયમોની હાલની જોગવાઈઓના હેતુ બર લાવવા માટે રાજય ચૂંટણી આયોગે ચૂંટણી પ્રતિકો અનામત રાખવા અને ફાળવવા અંગેના અગાઉ આયોગે બહાર પાડેલા આદેશો, સુધારા આદેશો, પરિપત્રો અને પત્રો–સૂચનાઓ રદ કરી ગુજરાત (સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે) રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧–૧૧૨૦૧૧–ક, તા.૧૯–૧૧–૨૦૧૧ ને અનુરૂપ આદેશ કરવા તા.૧૬–૧–૨૦૧૨ ના રોજ મુસદ્દારૂપ આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧(૧)–૧૨૦૧૨–ક બહાર પાડી સર્વે રાજકીય પક્ષોને જો કોઈ વાંધા સૂચનો હોય તો મોકલી આપવા પત્રથી જણાવેલ હતું. આ સંબંધમાં કોઈ રાજકીય પક્ષો તરફથી વાંધા સૂચનો આયોગને મળેલ નથી. આથી ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩ ઙ તથા ૨૪૩ વક તથા ઉપરોકત નિયમોની જોગવાઈ હેઠળ પ્રાપ્ત થયેલ અધિકાર અન્વયે પુખ્ત વિચારણાને અંતે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ માટે રાજકીય પક્ષના ઉમેદવાર ગણવા તથા હરીફ ઉમેદવારોને પ્રતિક ફાળવવા ઉપરોકત નિયમોની જોગવાઈઓના હેતુ બર લાવવા રાજય ચૂંટણી આયોગ નીચેના આદેશો તથા તે અંગેના સુધારા / સ્પષ્ટતા કરતા અગાઉ બહાર પાડેલા તમામ સુધારા આદેશો, પરિપત્રો, પત્રો અને સૂચનાઓ રદ કરી નીચે પ્રમાણે આદેશ કરે છે.

(૧) મહાનગરપાલિકાની ચૂંટણી માટે ચૂંટણી પ્રતિકો અનામત રાખવા તથા ફાળવવા બાબત તથા નમુનો 'ક' અને નમુનો 'ખ' રજૂ કરવા બાબતનો પરિપત્ર ક્રમાંક : રાચપ–ચટણ–મનપા–નપા–પ્રતિક–૩–એ–ભાગ–૪–૩૨૦૧૧–ક, તા.૨૪–૦૩–૨૦૧૧

(૨) નગરપાલિકાની ચૂંટણી માટે (ચૂંટણી પ્રતિકો અનામત રાખવા તથા ફાળવવા બાબત) આદેશ – ૨૦૧૧ આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મનપા–નપા–પ્રતિક–૩–એ–ભાગ–૪–૧૨૦૧૧–ક, તા.૨૪–૦૧–૧૧ તથા

(૩) ૧૯૯૫ ના ચૂંટણી પ્રતિકો (જિલ્લા / તાલુકા / ગ્રામ પંચાયતોની ચૂંટણી) અનામત રાખવા અને ફાળવવા અંગેના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–મફઅ–૯૫, તા.૧૭–૦૪–૧૯૯૫

૧ ટુંકું નામ, આરંભ અને વિસ્તાર :

(૧) આ આદેશ "ગુજરાત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા તથા ફાળવણી કરવા બાબત) અંગેનો આદેશ–૨૦૧૨" કહેવાશે.

(૨) આ આદેશ સમગ્ર ગુજરાત રાજયમાં તા.૧–૪–૨૦૧૨ થી અમલમાં આવશે અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીને લાગુ પડશે.

૨ વ્યાખ્યા :

(૧) 'આયોગ' એટલે રાજય ચૂંટણી આયોગ ;

(૨) 'સ્થાનિક કાયદા' એટલે રાજયમાં અમલમાં હોય તે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ તથા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ;

(૩) 'સ્થાનિક સ્વરાજયની સંસ્થા' એટલે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ હેઠળ રચાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશન, ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ હેઠળ રચાયેલ નગરપાલિકા તથા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ હેઠળ રચાયેલ ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયત ;

(૪) 'ચૂંટણી' એટલે સ્થાનિક કાયદા હેઠળના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) નિયમો–૧૯૯૪, ગુજરાત નગરપાલિકા (ચૂંટણી કરવા બાબત) નિયમો–૧૯૯૪ તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો–૧૯૯૪ હેઠળ યોજવાની થતી ચૂંટણી ;

(૫) 'હરીફાઈવાળી ચૂંટણી' એટલે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) નિયમો–૧૯૯૪ ના નિયમ–૧૪, ગુજરાત નગરપાલિકા (ચૂંટણી કરવા બાબત) નિયમો–૧૯૯૪ ના નિયમ–૧૪ તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો–૧૯૯૪ ના નિયમ–૨૨ અનુસાર હરીફાઈવાળી ચૂંટણી ;

(૬) 'નોંધાયેલ રાજકીય પક્ષ' એટલે રાજય ચૂંટણી આયોગ દ્વારા નોધણી કરેલ રાજકીય પક્ષ ;

(૭) 'માન્ય રાજકીય પક્ષ' એટલે ભારતના ચૂંટણી આયોગે 'ચૂંટણી પ્રતિકો (અનામત અને ફાળવણી) આદેશ–૧૯૬૮ હેઠળ 'રાષ્ટ્રીય પક્ષ' કે 'રાજય કક્ષાના પક્ષ' તરીકે માન્યતા આપેલ હોય તેવો અને રાજય ચૂંટણી આયોગે નોંધણી કરેલ રાજકીય પક્ષ અથવા રાજય ચૂંટણી આયોગ 'માન્ય રાજકીય પક્ષ' તરીકે નોંધેલ પક્ષ ;

(૮) 'નોંધાયેલ અમાન્ય રાજકીય પક્ષ' એટલે ભારતના ચૂંટણી આયોગ દવારા નોંધાયેલ પરંતુ ચૂંટણી પ્રતિકો (અનામત અને ફાળવણી) આદેશ–૧૯૬૮ હેઠળ માન્યતા પ્રાપ્ત ન હોય તેવો અને રાજય ચૂંટણી આયોગે નોંધણી કરેલ પક્ષ અથવા રાજય ચૂંટણી આયોગે 'અમાન્ય પક્ષ' તરીકે નોંધેલ પક્ષ ;

(૯) 'ફકરો' એટલે આ આદેશનો ફકરો ;

(૧૦) 'પેટા ફકરો' એટલે આ આદેશના કોઈ ફકરાનો પેટા ફકરો ;

(૧૧) 'નમુનો' એટલે આ આદેશ સાથે જોડેલ નમુનો ;

(૧૨) 'અનામત પ્રતિક' એટલે આયોગે રાજકીય પક્ષના ઉમેદવાર માત્રને જ ફાળવવા અનામત રાખેલ પ્રતિક ;

(૧૩) 'મુકત પ્રતિક' એટલે અનામત પ્રતિક સિવાયનું આયોગે નકકી કરેલ પ્રતિક ;

(૧૪) 'વોર્ડ' એટલે સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો વોર્ડ અને 'મતદાર મંડળ' એટલે પંચાયતનું મતદાર મંડળ ;

(૧૫) આ આદેશમાં વાપરવામાં આવેલા પરંતુ વ્યાખ્યામાં સમાવિષ્ટ નહી કરાયેલ શબ્દો અને તેના વાકય પ્રયોગોના અર્થ રાજયમાં અમલમાં હોય તે સંબંધિત કાયદા / નિયમો હેઠળ કરેલ વ્યાખ્યા કે આપેલ અર્થ પ્રમાણે રહેશે.

૩ રાજકીય પક્ષોનું વર્ગીકરણ :

(૧) આ આદેશના હેતુઓ માટે પ્રતિક અનામત રાખવા તથા જરૂરી હોય ત્યારે રાજય ચૂંટણી આયોગ નિર્દિષ્ટ કરે તેવા અન્ય હેતુઓ સારૂ નોંધાયેલ પક્ષો માન્ય પક્ષો કે નોંધાયેલ અમાન્ય પક્ષો રહેશે.

(૨) માન્ય પક્ષ એ ભારતના ચૂંટણી આયોગ દ્વારા માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય પક્ષ અથવા રાજય કક્ષાનો પક્ષ અને રાજય ચૂંટણી આયોગે માન્ય કરેલ પક્ષ રહેશે અને

(૩) નોંધાયેલ અમાન્ય રાજકીય પક્ષ એ ભારતના ચૂંટણી આયોગ દ્વારા નોંધાયેલ અથવા રાજય ચૂંટણી આયોગ દ્વારા 'ગુજરાત (સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ માટે) રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧' બાબતના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧–૧૧૨૦૧૧–ક, તા.૧૯–૧૧–૨૦૧૧ હેઠળ નોંધાયેલ અમાન્ય રાજકીય પક્ષ રહેશે.

૪ માન્ય રાજકીય પક્ષ તરીકેની માન્યતા માટેની શરત :
માન્ય રાજકીય પક્ષ તરીકે નોધણી માટે નીચેની શરતો રહેશે.

(૧) કોઈ પક્ષ ભારતના ચૂંટણી આયોગ દ્વારા 'માન્ય રાજકીય પક્ષ' તરીકે હોય તેની રાજય ચૂંટણી આયોગ દ્વારા નોંધણી થયેથી, અને

(૨) નીચેની શરતો સંતોષાતી હશે ત્યારે રાજય ચૂંટણી આયોગ દ્વારા 'નોંધાયેલ પક્ષ' ને 'માન્ય રાજકીય પક્ષ' તરીકે નોંધવામાં આવે ત્યારે

૧: રાજય ચૂંટણી આયોગ દ્વારા નોંધણી થયા પછી પાંચ વર્ષ દરમ્યાન યોજાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીમાં નોંધાયેલા પક્ષે ઉમેદવાર ઉભા રાખેલ હોય, અને

૨: ઉપર ૧ માં જણાવેલ નોંધણી થયા પછીના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન યોજાયેલ ચૂંટણીઓ પૈકી

(અ) મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં ત્રણ બેઠકો પર, અથવા
(બ) નગરપાલિકાની પંદર બેઠકો, અથવા
(ક) જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો, અથવા
(ડ) તાલુકા પંચાયતની પંદર બેઠકો પર, પક્ષે ઉભા રાખેલા ઉમેદવાર ચૂંટાયા હોય.

૫ નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે નોંધણી માટેની શરત :
નોધાયેલ અમાન્ય પક્ષ તરીકે નોધણી માટે નીચેની શરતો રહેશે.

(૧) ભારતના ચૂંટણી આયોગ દ્વારા 'અમાન્ય પક્ષ' તરીકે નોંધાયેલ હોય તેની રાજય ચૂંટણી આયોગ દ્વારા નોંધણી થયેથી, અને

(૨) રાજય ચૂંટણી આયોગ દ્વારા ગુજરાત (સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે) રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧ બાબતનો આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧–૧૧૨૦૧૧–ક, તા.૧૯–૧૧–૨૦૧૧ ના ફકરા–૪ ના પેટા ફકરા–૯ (૨) હેઠળ નોંધણી કરવામાં આવે ત્યારે .

૬ હરીફાઈવાળી દરેક ચૂંટણીમાં નીચે જણાવેલ નિયમોની જોગવાઈ પ્રમાણે ઉમેદવારને એક પ્રતિક ફાળવવાનું રહેશે.

(૧) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) નિયમો–૧૯૯૪ ના નિયમ–૧૫ ;

(૨) ગુજરાત નગરપાલિકા (ચૂંટણી કરવા બાબત) નિયમો–૧૯૯૪ ના નિયમ–૧૫ ; અને

(૩) ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો–૧૯૯૪ ના નિયમ–૧૧.

૭ આ આદેશના હેતુ સારૂં પ્રતિકોના બે પ્રકાર રહેશે. (૧) અનામત અને (૨) મુક્ત. આ આદેશમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય અનામત પ્રતિક એટલે એવું પ્રતિક કે જે રાજકીય પક્ષના ઉમેદવાર માત્રને ફાળવવા રાજય ચૂંટણી આયોગે અનામત રાખેલ હોય.મુક્ત પ્રતિક એટલે અનામત પ્રતિક સિવાયનું પ્રતિક.

૮ ગુજરાત (સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી) રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧ હેઠળ નોંધેલા માન્ય પક્ષો માટે અનામત રાખવામાં આવેલ પ્રતિકોને જે તે પક્ષના ઉમેદવારોને ફાળવવા માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવે છે.

૯ (૧) માન્ય રાજકીય પક્ષના ઉમેદવારોને જે તે પક્ષ માટે અનામત રાખેલ જ પ્રતિક ફાળવવામાં આવશે તેમજ રાજય ચૂંટણી આયોગ દ્વારા નોંધાયેલા અમાન્ય પક્ષના ઉમેદવારોને એક સરખું પ્રતિક ફાળવવા મુકત પ્રતિક પૈકી કોઈ પ્રતિક આયોગે અનામત કરેલ હશે તો તેવા ઉમેદવારોને અનામત કરેલ પ્રતિક આપવાનું રહેશે.

(૨) આ પ્રતિકો અન્ય કોઈ ઉમેદવારોને ફાળવી શકાશે નહીં તેમજ આ પક્ષના ઉમેદવારને અન્ય કોઈ પ્રતિકો ફાળવી શકાશે નહીં.

૧૦ (૧) ગુજરાત (સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે) રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧ હેઠળ નોંધાયેલ અમાન્ય પક્ષ કે જેમના માટે કોઈ પ્રતિકો અનામત રખાયેલ ન હોય ત્યારે તેવા પક્ષોના ઉમેદવારોને અપક્ષ ઉમેદવાર તરીકે ગણી મુકત પ્રતિકોમાંથી ફાળવણી કરવાની રહેશે.

(૨) નોંધાયેલ અમાન્ય પક્ષના ઉમેદવારોને અપક્ષ ઉમેદવારોની તુલનામાં મુકત પ્રતિક ફાળવવામાં કેટલીક સવલત મળે છે.

(૩) નોંધાયેલ અમાન્ય પક્ષના ઉમેદવારોને માન્ય પક્ષોના ઉમેદવાર માટે અનામત રખાયેલ પ્રતિકો પૈકી કોઈ પ્રતિક ફાળવી શકાશે નહીં.

(૪) નોંધાયેલ અમાન્ય પક્ષના ઉમેદવાર કોઈ એક મુકત પ્રતિક માટે પ્રથમ પસંદગી ધરાવતા હોય અને અન્ય અપક્ષ ઉમેદવાર પણ તે જ મુક્ત પ્રતિક માટે પસંદગી દર્શાવતા હોય તો તે મુક્ત પ્રતિક નોંધાયેલ અમાન્ય પક્ષના ઉમેદવારને ફાળવવાનું છે અપક્ષ ઉમેદવારને તેવું પ્રતિક ફાળવવામાં આવશે નહીં.

(૫) જો એક કરતાં વધુ ઉમેદવારોએ એક જ મુક્ત પ્રતિક માટે પ્રથમ પસંદગી દર્શાવી હોય અને આવા ઉમેદવાર પૈકી બે કે તેથી વધુ જુદા જુદા નોંધાયેલ અમાન્ય પક્ષ તરફથી ઉભા રાખવામાં આવ્યા હોય તો તેવા મુક્ત પ્રતિક માટે આવા નોંધાયેલ અમાન્ય પક્ષોના ઉમેદવારો વચ્ચે લૉટ ખેંચી લૉટથી જે ઉમેદવારને આવું મુક્ત પ્રતિક મળે તે ઉમેદવારને પ્રતિક ફાળવવાનું છે.

(૬) બે કે તેથી વધુ નોંધાયેલ અમાન્ય પક્ષોના ઉમેદવારોએ જો એક મુક્ત પ્રતિક માટે માગણી કરી હોય અને આવા ઉમેદવાર પેકી કોઈ એક ઉમેદવાર અગાઉની સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં સભ્ય તરીકે ચુંટાયા હોય તો તેવા ઉમેદવારને તે મુક્ત પ્રતિક અગ્રતાના ધોરણે ફાળવવામાં આવશે અર્થાત આવા કિસ્સામાં બે કે તેથી વધુ નોંધાયેલ અમાન્ય પક્ષોના ઉમેદવાર વચ્ચે લૉટ ખેંચવાની આવશ્યકતા રહેશે નહીં, પછી તે ઉમેદવાર ભલે અગાઉની ચૂંટણીમાં મુક્ત પ્રતિક ઉપર ચુંટાયા

હોય કે ન હોય, અર્થાત તેઓ તે ચૂંટણીમાં નોંધાયેલ અમાન્ય પક્ષના ઉમેદવાર છે તે કારણે તેઓને પસંદગીની અગ્રતા મળે છે.

૧૧ ભારતના ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી પ્રતિક (અનામત અને ફાળવણી) હુકમ, ૧૯૬૮ હેઠળ અગાઉ રાષ્ટ્રીય અથવા રાજય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત હતી અને પ્રતિક અનામત રાખેલ હતું તેવા અમાન્ય થયેલ પક્ષે ઉભા રાખવાના ઉમેદવારને છૂટછાટ બાબત :

ચૂંટણીની નોટીસ / જાહેરનામાની તારીખ અગાઉ છ વર્ષથી વધુ નહિ તે રીતે ભારતના ચૂંટણી આયોગ દ્વારા રાષ્ટ્રીય અથવા કોઈ રાજય / કેન્દ્ર પ્રદેશમાં રાજયકક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત હતી અને અત્યારે માન્યતા પ્રાપ્ત નથી તેવો પક્ષ, ઉમેદવાર ઉભો રાખવા માંગે ત્યારે આવા પક્ષે રાજય ચૂંટણી આયોગ પાસે ગુજરાત (સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી માટે) રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧ હેઠળ નોંધણી કરાવેલી હશે તો જ બેઠકના બીજા ઉમેદવારોને બાકાત કરીને તે પક્ષે ઉભા રાખેલા ઉમેદવારને પક્ષ અગાઉ રાષ્ટ્રીય કે રાજય કક્ષાના પક્ષ તરીકે માન્ય હતો તે સમયે પક્ષનું અનામત રાખેલ પ્રતિક, આવું પ્રતિક મુક્ત પ્રતિક તરીકે માન્ય ન હોય તો પણ નીચેની શરત સંતોષાતી હશે ત્યારે ફાળવી શકાશે.

(૧) તેવા ઉમેદવારે ઉમેદવારી પત્રમાં તેઓ જે તે પક્ષે ઉભા રાખેલા ઉમેદવાર છે તેવી જાહેરાત કરી હોય અને પક્ષે ફકરા–૧૫ ની શરતો નંબર (૧) થી (૭) સંતોષી હોય.

૧૨ નોંધાયેલ અમાન્ય પક્ષે ઉભા રાખેલા ઉમેદવારોને ફાળવવાનું પ્રતિક અનામત કરવા બાબત :

(૧) રાજય ચૂંટણી આયોગ દ્વારા નોંધાયેલ અમાન્ય પક્ષ તરફથી માંગણી થયે તેવા પક્ષે ઉભા રાખવાના ઉમેદવારોને ફાળવવા મુકત પ્રતિકોની યાદીમાંથી કોઈ એક પ્રતિક કામચલાઉ ધોરણે અનામત કરી શકશે.

(૨) નોંધાયેલ અમાન્ય પક્ષને ઉપર (૧) માં જણાવ્યા પ્રમાણે પાંચ વર્ષના સમયગાળા માટે પ્રતિક અનામત કરી આપી શકાશે. આ સમયગાળા દરમ્યાન ફકરા ૪ ના પેટા ફકરા (૨) મુજબની શરત સંતોષશે તો માન્ય રાજકીય પક્ષ તરીકે તેને માન્યતા મળવા સાથે અનામત પ્રતિક પણ મળશે. પરંતુ જો તે આ શરત સંતોષશે નહિ તો આયોગ અનામત પ્રતિકની સવલત રદ કરી શકશે.

૧૩ અન્ય ઉમેદવારોએ પ્રતિકોની પસંદગી કરવા તથા તેઓને ફાળવણી કરવા બાબત.

(૧) બેઠકની ચૂંટણીના નીચેના સિવાયના હર કોઈ ઉમેદવાર નકકી કરેલ મુક્ત પ્રતિકો પૈકી પ્રતિકોની પસંદગી કરશે અને તેવા ઉમેદવારને સંબંધિત નિયમોની જોગવાઈઓ પ્રમાણે મુક્ત પ્રતિકો પૈકી એક પ્રતિક ફાળવવાનું રહેશે.

(ક) માન્યતા પ્રાપ્ત પક્ષે ઉભા રાખેલ ઉમેદવાર, અથવા
(ખ) માન્યતા પ્રાપ્ત નહિ તેવા નોંધાયેલા પક્ષ કે જેના ઉમેદવારોને એક સરખું પ્રતિક ફાળવવા પ્રતિક અનામત કરેલ છે તેવા પક્ષે ઉભા રાખેલ ઉમેદવાર.

(૨) મુક્ત પ્રતિક માટે એક જ ઉમેદવારે માંગણી કરી હોય તો તેવું મુક્ત પ્રતિક તે ઉમેદવારને ફાળવવાનું રહેશે.

(૩) એક જ મુક્ત પ્રતિક માટે એક કરતાં વધુ ઉમેદવારે માંગણી કરી હોય તો તે માટે નીચે જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરી ફાળવણી કરવાની રહેશે.

૧– એક જ મુક્ત પ્રતિક માટે માંગણી કરનાર ઉમેદવારો પૈકી કોઈ નોંધાયેલ અમાન્ય પક્ષના ઉમેદવાર હોય અને બીજા ઉમેદવારો અપક્ષ હોય તો આવું મુક્ત પ્રતિક નોંધાયેલ અમાન્ય પક્ષના ઉમેદવારને ફાળવવાનું રહેશે.

૨– જો ઉમેદવારો પૈકી બે કે તેથી વધુ ઉમેદવારો જુદા જુદા નોંધાયેલ અમાન્ય પક્ષો તરફથી ઉભા રખાયા હોય અને બાકીના ઉમેદવારો અપક્ષ હોય તો જુદા જુદા નોંધાયેલ અમાન્ય પક્ષના ઉમેદવારો વચ્ચે લૉટથી પ્રતિકની ફાળવણી કરવાની રહેશે અને લોટમાં જે ઉમેદવારના ભાગે આ પ્રતિક આવે તેમને આવું મુક્ત પ્રતિક ફાળવવામાં આવશે, અન્યને ફાળવી શકાશે નહિ.

૩– નોંધાયેલ અમાન્ય પક્ષોના ઉમેદવારો પૈકી જો કોઈ ઉમેદવાર ચૂંટણી પહેલાની જે તે સ્થાનિક સંસ્થામાં સભ્ય હોય તો તેઓને તેમના ઉમેદવારી પત્રમાં માંગેલું પ્રતિક ફાળવવામાં આવશે, ગત ચૂંટણી વખતે ઉમેદવાર એ પ્રતિક પર ચૂંટણી લડયા હતા કે કેમ તે પરિબળ આ હેતુસર વિચારણામાં લેવાનું નથી.

૪– એકજ મુક્ત પ્રતિકની માંગણી કરતા વધુ ઉમેદવારો હોય અને આવા બધા જ ઉમેદવારો અપક્ષ હોય અને તે પૈકી એક અપક્ષ ઉમેદવાર અગાઉની ચૂંટણી વખતે તે પ્રતિક પર ચૂંટણી લડયા હોય તો તેવા ઉમેદવારને મુક્ત પ્રતિક ફાળવવામાં આવશે.

૫– બધા જ અપક્ષ ઉમેદવારો ગત ચૂંટણી વખતે ચુંટાયા ન હોય અને એક જ મુકત પ્રતિકની માંગણી કરતા હોય તો તેઓ વચ્ચે લોટથી પ્રતિકની ફાળવણી કરવાની રહેશે અને લોટમાં જેના ભાગે તે મુક્ત પ્રતિક આવે તે ઉમેદવારને ફાળવવાનું રહેશે, અન્યને ફાળવી શકાશે નહિ.

૧૪ (૧) રાજય ચૂંટણી આયોગ રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી માટે મુક્ત પ્રતિકો નકકી કરશે.

(૨) રાજય ચૂંટણી આયોગ અનામત પ્રતિકો તથા મુક્ત પ્રતિકોના નમૂનાઓની આકૃતિ, સાઈઝ નકકી કરશે. નમૂના પ્રમાણેના પ્રતિકો મતપત્રોમાં દર્શાવી મતપત્રો / લેબલ મતપત્રો છપાવવાના રહેશે.

૧૫ રાજકીય પક્ષના ઉમેદવાર તરીકે ગણાવા તથા અનામત પ્રતિક ફાળવવાની પાત્રતા માટે નીચેની શરતો સંતોષવી રહેશે.

(૧) ઉમેદવારે તેઓના ઉમેદવારીપત્રમાં તે અંગેની જાહેરાત કરવાની રહેશે.

(૨) આ ઉમેદવાર જે તે રાજકીય પક્ષનો સભ્ય હોવો જોઈશે અને તેમનું નામ પક્ષના સભ્યોની યાદી ઉપર નોંધાયેલ હોવું જોઈશે.

(૩) રાજકીય પક્ષના ઉમેદવાર છે તે અંગેની નમૂના–ખ પ્રમાણે લેખિત જાણ ચૂંટણી અધિકારીને ઉમેદવારીપત્રો રજુ કરવાની છેલ્લી તારીખે બપોરના ૩.૦૦ વાગ્યા સુધી કરી હોવી જોઈશે.

(૪) આવી જાણ કરતો નમૂના–ખ મુજબનો પત્ર નમૂના–ક પ્રમાણે અધિકૃત કરેલા પક્ષના પ્રમુખ, મંત્રી કે અન્ય અધિકૃત હોદ્દેદારે પાઠવ્યો હોવો જોઈશે.

(૫) નમૂના–ક પ્રમાણે આવી અધિકૃત વ્યક્તિનું નામ અને તેમની સહીનો નમુનો સંબંધિત ચૂંટણી અધિકારીને તેમજ સચિવ, રાજય ચૂંટણી આયોગને ઉમેદવારીપત્રો રજૂ કરવાની છેલ્લી તારીખે બપોરના ૩.૦૦ વાગ્યા સુધી મોકલવા જોઈશે.

(૬) અધિકૃત મહાનુભાવ ચૂંટણી અધિકારીને જેટલા વોર્ડ/વોર્ડો/મતદાર મંડળની બેઠકોની ચૂંટણી માટે તે નિયુકત થયેલા હોય તેટલા વોર્ડ/વોર્ડો/મતદાર મંડળ માટે નમૂનો–'ક' અલગ અલગ કે સંયુક્ત રીતે રજૂ કરી શકશે. નમૂનો–'ક' પેન/બોલ પોઈન્ટ પેનથી સહી કરેલો હોવો જોઈશે. સહીના રબ્બર સિકકા મારેલો કે ફેકસથી મોકલેલો નમૂનો–'ક' સ્વીકારવામાં આવશે નહીં.

(૭) પક્ષના અધિકૃત મહાનુભાવે કયા વોર્ડ/મતદાર મંડળની કઈ બેઠક માટે પક્ષના કોણ માન્ય ઉમેદવાર અને કોણ ડમી ઉમેદવાર, જો હોય તો, છે તેની નમૂના–'ખ' માં વોર્ડ/મતદાર મંડળ દીઠ અલગ અલગ રીતે પેન/શાહીથી સહી કરી અસલમાં ઉમેદવારીપત્રો રજૂ કરવાના છેલ્લા દિવસે ૧૫.૦૦ કલાક પહેલાં ચૂંટણી અધિકારીને રજુ કરેલ હોવો જોઈશે. કોઈ વોર્ડની એક કરતાં વધુ બેઠકોની ચૂંટણી હશે, તેવા કિસ્સામાં બેઠક દીઠ અલગ અલગ કે બેઠકો માટે સંયુક્ત રીતે નમૂનો–'ખ' રજૂ કરી શકાશે. સહીના રબ્બર સિકકા મારેલો કે ફેકસથી મોકલેલો નમૂનો–'ખ' સ્વીકારવામાં આવશે નહીં.

(૮) નમૂનો–'ક' અને નમૂનો–'ખ' રજુ થયા પછી રાજકીય પક્ષના અધિકૃત મહાનુભાવ જે ઉમેદવાર સંબંધી નમૂનો–'ખ' રજૂ થયો છે તેને બદલે જો બીજા ઉમેદવાર માટે નમૂનો–'ખ' રજુ કરે તો તેઓ તેમ કરી શકે છે. પરંતુ, તે માટે નીચેની શરતો સંતોષાવી જોઈશે.

૧. ફેરફાર થયેલ ઉમેદવાર માટેના નમૂના–'ખ' માં અસંદિગ્ધ શબ્દોમાં જણાવ્યું હોવું જોઈશે કે અગાઉના ઉમેદવાર માટે (નામ અવશ્ય આપવું) આપેલ નમૂનો–'ખ' તેઓએ રદ કર્યો છે.

૨. ફેરફાર થયેલ ઉમેદવાર માટેનો નમૂનો–'ખ' ચૂંટણી અધિકારીને ઉમેદવારીપત્ર રજુ કરવા માટેની છેલ્લી તારીખે ૧૫.૦૦ કલાકથી મોડું નહીં તે રીતે મળ્યો હોવો જોઈશે.

૩. ફેરફાર થયેલ ઉમેદવાર માટેના નમૂના–'ખ' માં પક્ષના અગાઉના ઉમેદવાર માટેના નમૂના–'ખ' માં જે અધિકૃત મહાનુભાવે સહી કરી હશે તે અધિકૃત મહાનુભાવની જ સહી હોવી જોઈશે.

(૯) જો ઉપર બાબત (૮) માં જણાવેલ શરતો સંતોષાતી નહીં હશે કે ચૂંટણી અધિકારી સમક્ષ એક કરતાં વધુ ઉમેદવાર માટે નમૂના –'ખ' રજુ થશે તો તેવા સંજોગોમાં ચૂંટણી અધિકારી, તેમની સમક્ષ જે ઉમેદવારનું ઉમેદવારીપત્ર પ્રથમ રજુ થયું છે અને તેવા ઉમેદવાર માટે મુદત દરમ્યાન નમૂનો –'ખ' રજૂ થયો છે તેવા ઉમેદવારને પક્ષનો માન્ય ઉમેદવાર ગણશે અને તે સિવાયના ઉમેદવારો કે જેમની તરફેણમાં પણ પક્ષ તરફથી નમૂના–'ખ' મળ્યા છે તેવા ઉમેદવારોને ચૂંટણી અધિકારી તે પક્ષના ઉમેદવાર ગણશે નહીં.

(૧૦) જો ઉપર બાબત (૮) માં જણાવેલ શરતો સંતોષાતી હશે તો ચૂંટણી અધિકારી પક્ષના મહાનુભાવે કરેલ ફેરફાર પ્રમાણેના ઉમેદવારને પક્ષના માન્ય ઉમેદવાર ગણી ઉમેદવારીપત્રની ચકાસણી કરશે અને પક્ષે જે ઉમેદવારનો નમૂનો–'ખ' રદ કર્યો છે તે ઉમેદવારને જો ઉમેદવારે ઉમેદવારીપત્રમાં ભાગ–૨ તથા ૪ જરૂરી સંખ્યામાં દરખાસ્ત કરનાર અને ટેકો આપનાર મતદારોના સમર્થન સાથે ભર્યા હશે તો અપક્ષ ઉમેદવાર ગણી તેના ઉમેદવારીપત્રોની ચકાસણી કરશે અને ઉમેદવારીપત્ર મંજૂર કરવા પાત્ર હશે તો મંજૂર કરશે.

૧૬ ગુજરાત (સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે) રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧ હેઠળ નોંધાયેલા જે તે સમયે નોંધાયેલ અમાન્ય પક્ષના ઉમેદવારો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ચૂંટણી કરવા બાબત) નિયમો–૧૯૯૪ ના નિયમ–૭ ના પેટા નિયમ (૨), ગુજરાત નગરપાલિકા (ચૂંટણી કરવા) બાબતના નિયમો–૧૯૯૪ ના નિયમ–૭ ના પેટા નિયમ (૨) તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો–૧૯૯૪ ના નિયમ–૧૨ ના પેટા નિયમ–(૨) ની બાબત (ગ) હેઠળના પરંતુકના હેતુ સારૂ માન્ય રાજકીય પક્ષ દ્વારા ઉભા રાખેલા ઉમેદવાર તરીકે ગણી શકાશે નહિ. નોંધાયેલા અમાન્ય રાજકીય પક્ષે ઉભા રાખેલા / ઉભા રાખવા માગતા ઉમેદવારોને અપક્ષ ઉમેદવારોની તુલનામાં મુક્ત પ્રતિક ફાળવવાની સવલતની પ્રાપ્તતા મળે તે માટે ફકરા–૧૫ ની શરતો નંબર (૧) થી (૭) લાગુ પડે છે. નગરપાલિકા / મહાનગરપાલિકાની ચૂંટણીમાં એક વોર્ડમાં ત્રણ સભ્યો માટે ચૂંટણી કરવામાં આવે ત્યારે આવા નોંધાયેલ અમાન્ય રાજકીય પક્ષના ઉમેદવારોએ અલગ અલગ મુકત પ્રતિક માટે પસંદગી આપવાની રહેશે (એટલે કે એક થી વધુ ઉમેદવારને એક સરખું પ્રતિક મળી શકશે નહિ) સિવાય કે આયોગે આવા પક્ષ માટે કોઈ પ્રતિક અનામત રાખેલ હોય.

૧૭ રાજકીય પક્ષના ઉમેદવારના ઉમેદવારીપત્રોની ચકાસણી કરવા તથા નિર્ણય લેવા બાબત :

(૧) પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારીપત્ર માન્ય ઠર્યે, પક્ષના ડમી ઉમેદવારનું ઉમેદવારીપત્ર ચૂંટણી અધિકારી અમાન્ય/રદ કરશે. જો ડમી ઉમેદવારે જરૂરી સંખ્યામાં દરખાસ્ત કરનાર તથા ટેકો આપનાર મતદારો સાથે બીજું ઉમેદવારીપત્ર પણ ભર્યુ હશે તો તેવા ઉમેદવારને અપક્ષ ઉમેદવાર ગણી ઉમેદવારીપત્રની અલગ રીતે ચકાસણી થશે.

(૨) પક્ષના માન્ય ઉમેદવારનું ઉમેદવારીપત્ર અમાન્ય/રદ ઠર્યે પક્ષ દ્વારા ઉભા રાખેલા ડમી ઉમેદવારનું ઉમેદવારીપત્ર અન્ય રીતે રદ થવા પાત્ર નહીં હોય તો માન્ય ઠરશે.

(૩) જો ઉમેદવારે ઉમેદવારીપત્રોના ભાગ–૧ થી ૪ પંચાયત ચૂંટણીમાં ભાગ ૧ થી ૩ ભર્યા હોય પરંતુ પક્ષ તરફથી તેમના માટે નમૂનો–'ક' તથા 'ખ' રજૂ ન થાય તો, ભાગ–૨ તથા ૪, પંચાયત ચૂંટણીમાં ભાગ–૨ જરૂરી સંખ્યામાં દરખાસ્ત કરનાર અને ટેકો આપનાર મતદારોના સમર્થન સાથે ભર્યો હશે તો બીજી રીતે રદ થવા પાત્ર નહીં હોય તો તેમનું ઉમેદવારીપત્ર અપક્ષ ઉમેદવાર તરીકે માન્ય ઠરશે.

૧૮ રાજ્ય ચૂંટણી આયોગ ઈલાયદા રીતે જરૂરીયાત પ્રમાણે સમયાંતરે નીચેની બાબત નકકી કરશે.

(૧) રાજ્ય ચૂંટણી આયોગે નોંધેલા માન્ય રાજકીય પક્ષો (રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષા) તથા તેમના અનામત રાખેલા પ્રતિકોની યાદી ;

(૨) રાજ્ય ચૂંટણી આયોગે નોંધેલા અમાન્ય પક્ષોની યાદી (જો કોઈ પક્ષના ઉમેદવારોને ફાળવવાનું પ્રતિક અનામત રાખેલ હોય તો તે સહિત) ;

(૩) સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી માટેના મુકત પ્રતિકોની યાદી તથા અનામત અને મુકત પ્રતિકોની આકૃતિના નમૂના ;

૧૯ નમૂનો–ક તથા નમૂનો–ખ આ આદેશ સાથે રાખેલ છે.

આદેશથી,

બિડાણ : નમૂનો 'ક' તથા 'ખ'

( પી. એસ. શાહ )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તમામ
- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી (સંબંધિત)
- જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેકટરશ્રી તમામ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ
- નિવાસી અધિક કલેકટરશ્રી / પ્રાંત અધિકારીશ્રી / મામલતદારશ્રી તમામ (કલેકટરશ્રી મારફતે)
- નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ (જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)
- તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ (જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)

*નકલ રવાના:–*

- મુખ્ય સચિવશ્રી,ગુજરાત રાજય,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી,પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ / શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ / સામાન્ય વહીવટ વિભાગ, સરદાર પટેલ ભવન, ગાંધીનગર

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- સર્વે ચૂંટણી અધિકારીઓ ગ્રામ / તાલુકા / જિલ્લા પંચાયત – મહાનગરપાલિકા / નગરપાલિકા (કલેકટરશ્રી મારફતે)
- વ્યવસ્થાપકશ્રી સરકારી મધ્યસ્થ પ્રેસ,ગાંધીનગર
  આ આદેશ એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ૪–સી માં તાત્કાલિક પ્રસિદ્ધ કરી ગેઝેટની ૩૦ નકલો આ કાર્યાલયને તથા ૫–૫ નકલો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા ૫–૫ નકલો જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામને અને કલેકટરશ્રી તમામને બારોબાર મોકલવા વિનંતી છે.
- સર્વે રાજકીય પક્ષો
- સંયુકત સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- નાયબ ચૂંટણી કમિશ્નર ૧–૨ / મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી તમામ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- માન. કમિશ્નરશ્રીના રહસ્ય સચિવ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સિલેકટ ફાઈલે.

## નમૂનો–ક
## પક્ષ તરફથી અધિકૃત મહાનુભાવના નામની જાણ કરવા માટેનો પત્ર

પ્રતિ,
- ચૂંટણી અધિકારીશ્રી,
  ...................... વોર્ડ / મતદાર મંડળના નંબર / નામ ........... અને હોદ્દો.................
- સચિવશ્રી,
  રાજય ચૂંટણી આયોગ,
  બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ,
  નવા સચિવાલય,
  ગાંધીનગર : ૩૮૨ ૦૧૦

વિષય : ................. ની સામાન્ય/ *પેટા/ *મધ્યસત્ર ચૂંટણી......... વર્ષ માસ............... માટે પક્ષના માન્ય ઉમેદવાર સંબંધી અધિકૃત મહાનુભાવના નામની જાણ કરવા બાબત.

શ્રીમાન,

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ................................................................ તા............... અન્વયે જણાવવાનું કે, ..................પક્ષ એ રાજય ચૂંટણી આયોગ દ્વારા નોંધાયેલ *રાષ્ટ્રીય / રાજય કક્ષા / નોંધાયેલ અમાન્ય પક્ષ છે. ઉપરોક્ત ચૂંટણીમાં વોર્ડ / મતદાર મંડળ નામ નંબર................. માંથી અમારા પક્ષના *અધિકૃત ઉમેદવાર / *ડમી ઉમેદવારના નામની જાણ કરવા માટે નીચે જણાવેલ મહાનુભાવોને અધિકૃત કરવામાં આવે છે.

| આ અંગેની જાણ કરવા માટે અધિકૃત મહાનુભાવનું નામ | અધિકૃત મહાનુભાવનો પક્ષનો હોદ્દો | ચૂંટણી હેઠળના વોર્ડ નંબર / મતદાર મંડળના નંબર / નામ | આસન નં. ૧ માં જણાવેલ મહાનુભાવને જે વોર્ડ / મતદાર મંડળ માટે અધિકૃત કરવામાં આવ્યા હોય, તે વોર્ડ / મતદાર મંડળના નંબર (નામ જો હોય તો) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | | |

અધિકૃત મહાનુભાવોની સહીનાં વલણની યાદી નીચે જણાવ્યા પ્રમાણે છે.

પ્રમુખ/ *ઉપપ્રમુખ/ *મંત્રી

અધિકૃત મહાનુભાવની સહી સહી કરનારનું પુરૂ નામ

સ્થળ : ..............

પક્ષનું સીલ

તારીખ : ............

*લાગુ પડતું ન હોય તે છેંકી નાંખવું.

નોંધ : (૧) આ પત્ર ચૂંટણી અધિકારીને તથા સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરને ઉમેદવારીપત્ર રજૂ કરવાની છેલ્લી તારીખે બપોરના ૧૫.૦૦ કલાક સુધીમાં પહોંચતો કરવાનો રહેશે. ફેકસથી મોકલી શકાશે નહીં.

(૨) પક્ષના પ્રમુખ / *મંત્રીએ તથા પક્ષના અધિકૃત થતા મહાનુભાવે આ પત્રમાં પેન/બોલ પોઈન્ટ પેનથી સહી કરવાની રહેશે. સહીનો રબ્બર સિક્કો મારી શકાશે નહીં.

## નમૂનો–ખ
## પક્ષ તરફથી માન્ય ઉમેદવારોના નામ સૂચવતી નોટીસ

પ્રતિ,

➢ ચૂંટણી અધિકારીશ્રી,

........................ વોર્ડ / મતદાર મંડળના નંબર / નામ ............ અને હોદ્દો.................

વિષય : ................. ની સામાન્ય/ *પેટા/ *મધ્યસત્ર ચૂંટણી......... વર્ષ માસ............... માટે પક્ષના માન્ય ઉમેદવાર સંબંધી અધિકૃત મહાનુભાવની સહીથી નામની જાણ કરવા બાબત.

શ્રીમાન,

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ......................................................, તા................. અન્વયે આથી આપને જાણ કરવાની કે ઉપરોક્ત ચૂંટણી માટે નીચે જણાવ્યા મુજબના ઉમેદવારને અમારા પક્ષ તરફથી નીચે જણાવેલ વોર્ડો / મતદાર મંડળની સામે જણાવેલ બેઠક માટે માન્ય ઉમેદવાર / *ડમી ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

| ચૂંટણી હેઠળના વોર્ડ નંબર / મતદાર મંડળના નંબર / નામ | બેઠકનો પ્રકાર | માન્ય ઉમેદવારનું નામ | માન્ય ઉમેદવારના પતિ/પિતાનું નામ | માન્ય ઉમેદવારનું ટપાલનું સરનામુ | ડમી ઉમેદવારનું નામ | ડમી ઉમેદવારના પિતા અથવા પતિનું નામ | ડમી ઉમેદવારનું ટપાલનું સરનામું |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |

*૨. અગાઉ *શ્રી / *શ્રીમતિ / *કુ ...........................................................ને પક્ષના માન્ય ઉમેદવાર / *શ્રી / *શ્રીમતિ / *કુ............................................. ને પક્ષના ડમી ઉમેદવાર ગણવા નમૂના–ખ માં આપેલ નોટીસ આથી રદ કરવામાં આવે છે.

૩. આથી એવું પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપરમાં જેઓનાં નામ દર્શાવ્યા છે તે દરેક ઉમેદવાર આ રાજકીય પક્ષના સભ્ય છે અને તેમનું નામ આ પક્ષના સભ્યોની યાદી પર યોગ્ય રીતે નોંધાયેલ છે.

આપનો વિશ્વાસુ,

સ્થળ : ...................

અધિકૃત મહાનુભાવની સહી
(અધિકૃત મહાનુભાવનું નામ)

પક્ષનું સીલ

તારીખ :.................

* લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું.

નોંધ : (૧) આ નોટીસ વોર્ડ/મતદાર મંડળના ચૂંટણી અધિકારીને ઉમેદવારીપત્ર રજુ કરવાની છેલ્લી તારીખના બપોરના ૩.૦૦ વાગ્યા સુધીમાં પહોંચતી કરવાની રહેશે. ફેકસથી મોકલી શકાશે નહીં.

(૨) અધિકૃત મહાનુભાવે આ નોટીસમાં પેન/બોલ પોઈન્ટ પેનથી સહી કરવાની રહેશે. સહીનો રબ્બર સિક્કો મારી શકાશે નહીં.

(૩) જો લાગુ પડતો ન હોય તો ફકરો ૨ છેકી નાખવો અથવા લાગુ પડતો હોય તો યોગ્ય રીતે વિગતો ભરવી.